રજુ તારીખ : ૨૪/૦૯/૧૯૯૯
દાખલ તારીખ : ૨૪/૦૯/૧૯૯૯
કેંસલ તારીખ : ૦૮/૦૮/૨૦૨૨
સમયગાળો : વર્ષ:૨૨ માસ:૧૦ દિન:૧૫

# પ્રમુખ અધિકારીશ્રી, લેબર કોર્ટ, ભાવનગર સમક્ષ

એફરન્સ (એલ.સી.બી.) કેસ નં.૩૩૦/૧૯૯૯

આંક–૩૮

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી,**
સિદ્ધપુરા મશીન ટુલ્સ,
ચીત્રા, જીઆઇડીસી નં.૩૫૪–સી–૧,
ભાવનગર.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :** **શ્રી રાજુભાઇ દામજીભાઇ બારૈયા,**
C/o. રાષ્ટ્રીય જનરલ વર્કસ યુનિયન,
ચાવડી ગેટ,
ભાવનગર.

**હાજર રહ્યાઃ–**

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી એન.કે.જોષી.

બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી પ્રકાશભાઇ એન.પટેલ

**– : એવોર્ડ : –**

(૧) સદર કામના પ્રથમ પક્ષકાર સામે હાલના બીજા પક્ષકાર સામેનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત શ્રી, ભાવનગરની કચેરીના ક્રમાંક : કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૨૪૮/૯૯/૬૭૧૬, તા.૨૪/૦૯/૧૯૯૯ થી બીજા પક્ષકાર/શ્રમયોગી (જેને હવે પછી હુકમમાં સરળતા ખાતર ''અરજદાર'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં (કે જેઓને હવે પછી હુકમમાં સરતા ખાતર સામાવાળા તરીકે ઉલ્લેખ

કરેલ છે) પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદ્દાના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) રેફરન્સ કોર્ટમાં આયા બાદ પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે તેઓને બજી ગયે છે ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક-૪ થી માંગણાનું નિવેદન રજુ રાખેલ છે જેમાં જણાવેલ છે કે, અમો અરજદાર સામાવાળાને ત્યાં ૬ વર્ષ કરતા વધુ સમયથી કાયમી કામદાર તરીકે કાયમી પ્રકારનું કાયમી કામ કરતા હતાં. અરજદારનો પગાર છેલ્લે રૂા.૬૮/- દૈનિક હતો. અરજદારે નોકરી સળંગ કરેલ હતી. અમો અરજદાર નોકરીમાં વફાદારીપૂર્વક અને ખંતથી, નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા. અમોને અરજદારને સામાવાળાએ તા.૨૦/૦૫/૧૯૯૯ થી કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે કમી વળતર આપ્યા વિના મૌખિક હુકમથી છુટા કરેલ છે અને અરજદાર કરતા નવા અને જુનીયર કામદારને કામે ચાલુ રાખેલ છે. અરજદારે સામાવાળાને તા.૧૧/૦૬/૯૯ ના રોજ રજી.એડી.થી નોટીસ મોકેલ હતી. અરજદારે ત્યારબાદ યુનિયન મારફત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભાવનગરને ફરિયાદ કરેલ અને તેઓશ્રીએ બન્ને પક્ષકારોને રૂબરૂ બોલાવેલ પરંતુ સમાધાન શકય ન બનતા કેસ મજુર અદાલતને ન્યાય નિર્ણય માટે સુપ્રત થયેલ છે જે તમામ રેકર્ડ સેકનડ ફાઈલમાં છે જેને આંક પાડી પુરાવામાં ગણવા વિનંતી છે. અમો અરજદારને સામાવાળા પાસે હાજરીકાર્ડ, પગાર ચીઠ્ઠી, બોનસ ડબલ દરે ઓવર ટાઈમ આપતા ન હતા જેથી ફરિયાદ અમો અરજદાર યુનિયન મારફત કરેલ ફરિયાદના આધારે ફેકટરીમાં સરકારી મજુર અધિકારી તથા ફેકટરી ઈન્સ્પેટકર દ્વારા ચેક થતા અમો નિવેદન આપતા મજુર ખાતા દ્વારા સામાવાળા ઉપર કાર્યવાહી થતા સામાવાળા અમોને કિન્નાખોરીથી છુટા કરી અનફેલ લેબર પ્રેકટીસ આચરેલ છે. સામાવાળા અરજદારને યુનિયનમાંથી નિકળી જવા દબાણ કરેલ અને અમો અરજદારને હેરાનગતી શરૂ કરેલ અને અમો છુટા કરી દિધેલ છે. અમો અરજદાર વખતો વખત સામાવાળા પાસે કામે જવા છતાં સામાવાળા અમોને કામે લીધે

નથી અમો આજની તારીખ કામે જવા તૈયાર છીએ. અમો અરજદારને છુટા કરવાનું અને કામે ન રાખવાનું સામાવાળાનું પગલું ઔ.વિ.ધારો ૧૯૪૭ ની કલમ–૨૫(એફ)(જી) અને (એચ) અને ગુજરાતના તેના નિયમોની વિરૂદ્ધ, સ્ટેન્ડીંગ ઓર્ડસની વિરૂદ્ધ, પ્રવર્તમાન બીજા મજુર કાયદાઓની જોગવાઇ વિરૂદ્ધ ગેરવ્યાજબી, ગેરકાયદેસર, અન્યાયી કુદરી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ, વિકટીમાઇઝેશન, પક્ષાપક્ષી અને અનફેર લેબર પ્રેકટીસ હોય તે રદબાતલ છે. અમો અરજદાર આજની તારીખે કામે જવા તૈયાર છીએ અને બાકીના વિવાદનો નિર્ણય નામદાર મજુર અદાલત કરે તેમાં પણ વાંધો નથી. સામાવાળાએ અરજદાર ગરીબ હોવાથી આર્થિક અને માસીક ત્રાસ આપીને આ મહાભયાનક મોંઘવારીના દિવસોમાં રોજીરોટી વગરના કરી દીધા છે. સામાવાળા મજુર કાયદાનો ભંગ કરીને ગરીબ કામદારોનું શોષણ કરવાવાળા અને કાયદાની અજ્ઞાનતાનો ગેરલાભ ઉઠાવવાળા તેમજ અનફેર લેબર પ્રેકટીસ આચરેલ છે. આમ, સામાવાળા દ્વારા અરજદારને ગેરકાયદેસર અને ગેરવ્યાજી રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ મૌખિક હુકમથી છુટા કરેલ હોય જેથી અરજદારને તેની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા અન્ય માંગેલ દાદો અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર કામે સામાવાળા તરફે આંક–૧૧ થી જવાબ રજુ કરેલ હોય અને જેમાં અરજદાર તરફે તેના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદાર તા.૨૦/૦૫/૧૯૯૯ થી નોકરી છોડીને ચાલ્યા ગયા હતાં ત્યાર પહેલા તા.૧૭/૦૫ અને ૧૮/૦૫/૧૯૯૯ ના રોજ અડધા દિવસની રજા લીધેલ હતી. ત્યારપછી તા.૧૯/૦૫/૧૯૯૯ થી તા.૨૨/૦૫/૧૯૯૯ રજા લીધેલ. ત્યારબાદ કામે આવેલ નથી. તે અનુસંધાને તા.૨૯/૦૫/૧૯૯૯ તથા તા.૧૫/૦૬/૧૯૯૯ અને તા.૨૧/૦૬/૧૯૯૯ ના રજીસ્ટર એડી.પત્રથી કામે બોલાવેલ હતા. પત્રો મળી ગયા હોવા છતાં અરજદાર હાજર થયેલ નહીં કે રીપોર્ટ આપેલ નથી જેથી તા.૦૫/૦૭/૧૯૯૯ ના રજીસ્ટર પત્રથી કામદારના પ્રતિનિધિ

યુનિયને રજીસ્ટર પત્રથી અરજદારને નોકરી ઉપર હાજર કરવા પત્ર લખેલ છે તેમ છતાં કામદારે કે મંડળે નોકરીમાં હાજર થવા ખેવના રાખેલ નથી. અરજદારને છુટા કરવામાં આવેલ ન હતાં. પારા નં.૪ માં જણાવેલ અરજદારના તા.૧૧/૦૬/૧૯૯૯ ના પત્રનો સ્પષ્ટ જવાબ નોકરી ઉપર હાજર થવા જણાવેલ હતું. મદદનીશ મજુર કમિશ્નરશ્રીને રૂબરૂ અરજદારને કામે બોલાવ્યા અંગેના પત્રો અને નોકરી ઉપરથી છુટા નહીં કર્યાની તમામ વિગતો જણાવવા છતાં સરકાશ્રીએ ગેરકાયદેસર રેફરનસ કરેલ છે. સેકન્ડ ફાઇલમાં રજુ થયેલ દસ્તાવેજોમાં આંક પાડતા પહેલા અમારી પૂર્વ મંજુરી લઇને આગળની કાર્યવાહી કરવા અરજ છે. અરજદારના આક્ષેપો ખોટા અને ગેરકાયદેરના છે. મજુર કાયદા મુજબના હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી, બોનસ વગેરે ચુકવવામાં આવે છે. આ બાબતે અરજદાર કોઇ લેખિત ફરિયાદ આપેલ નથી. અરજદારને આને કારણે છુટા કર્યાનું ખરૂ નથી. હકીકતે અરજદાર જાતે જ કામે આવતા બંધ થયા છે. અમારા વારાંછારના પત્રો કામે હાજર થવા અંગેના હોવા છતાં અમારા જાણવા માનવા મુજબ અરજદાર કોઇ અન્ય જગ્યાએ નોકરી ધંધે લાગ્યા હોવાનું જણાય છે. રેફરન્સ ગેરકાયદેસર છે. ઔ.વિ.ધારાની કલમ-૨૫ એફ.જી.એચ.નો કે સ્ટેન્ડીંગ ઓર્ડસની કોઇ જોગવાઇનો ભંગ કરવામાં આવેલ નથી. તમામ ગેરકાયદેસર રજુઆત છે. વકીમાઇઝેશન કે પક્ષાપક્ષી અને અનફેર લેબર પ્રેકટીસ આચરેલ હોવાનું ખરૂ નથી. તમામ બાબતે ઇન્કારી છે. અમોએ અરજદારને કામે હાજર થવા જે તે સમયે જણાવેલ હતું. ત્યારબાદ હવે કામે હાજર થવા અવાંતર હેતુથી માત્ર કોર્ટને ગેરરસ્તે દોરવા માટે જણાવેલ જણાય છે. અરજદારે નોકરી છોડી ત્યારે પોતાની રોજી રોટી અંગે વિચાર કરવાનો રહેતો નથી. અરજદારનો રેફરન્સ ગેરકાયદેસર છે. અરજદાર કામ છોડીને ચાલ્યા ગયા બાદ અવાર નવાર પતરો છતા કામે આવેલ નથી કે કોઇ લેખિત રીપોર્ટ પણ કરેલ નથી. તે સંજોગોમાં દાદના પેરા નં.૧ અનુસંધાને દાદ મેળવવા હક્કદાર થતા નથી. અરજદાર કરતા જુનીયરને ચાલુ રાખ્યાનું અને નવા કામદારની ભરતી કર્યાનું

સ્વીકારવામાં આવતું નથી. અરજદાર કામ છોડીને ચાલ્યા ગયા હોય ઔ.વિ.ધારાની કલમ–૨૫–એફ.જી.એચ.નો ભંગ થતો નથી. રજુઆત ગેરકાયદેસર છે. સ્ટેન્ડીંગ ઓર્ડસની જોગવાય લાગુ નથી. અરજદારને છુટા કર્યા ન હોય અને અરજદાર બીજે કામગીરી બજાવતા હોય પડેલા રોજ સાથે પુનઃસ્થાપનની માંગણી ગેરકાયદેસર છે. અમારી ઈન્કારી છે. રેફરનસ ગેરકાયદેસર હોય ખર્ચ ચુકવવા બાબતે સહમત નથી. અન્ય દાદ કે દાદો મેળવવા અરજાદર હક્કદાર થતા નથી. અરજદારનો રેફરન્સ તમામ દ્રષ્ટિએ ગેરકાયદેસરનો હોય રદ્ધ કરવા અરજ છે.

(૪) સદર કામે અરજદાર તરફે સામાવાળા પાસેથી દસ્તાવેજી પુરાવા રજુ કરાવા સારૂ આંક–૧૨ થી અરજી આપેલ હોયઅ ને જે અરજી અન્વયે સામાવાળા તરફે આંક–૧૪ થી જવાબ રજુ રાખેલ હોય અને જે તે સમયના પ્રીસાઈડીંગ ઓફિસરશ્રી દ્વારા અરજદારની આંક–૧૨ ની અરજી અનવયે હુકમ કરી સામાવાળાને સને ૧૯૯૬, ૧૯૯૭, ૧૯૯૮ તથા ૧૯૯૯ ના વર્ષના હાજરીપત્રક, પગારપત્રક વિગેરે રજુ કરવાનો હુકમ કરેલાનું રેકર્ડ જોતાં જણાય આવે છે.

(૫) ત્યારબાદ સદર કામ અરજદારના પુરાવા ઉપર આવતા અરજદાર તરફે આંક–૨૪ થી સોગંદ ઉપર સરતપાસ આપેલ હોય અને જેમાં તેઓએ જણાવેલ છે કે, ''હું સામાવાળાને ત્યાં ૬ વર્ષથી મશીન વિભાગમાં ફીટીંગ કામ તથા જે કા સોપાય તે કામ હેલ્પર તરીક કામ કરતો. જે છુટા કર્યા તા.૨૦/૦૫/૯૯ પહેલાના છ વર્ષથી નોકરી કરતો હતો. મારૂ કાયમી પ્રકારનું કામ હતું. મારો પી.એફ. તથા ઇએસઆઇ કાપવામાં આવતો હતો. મારી પાસે ઓવર ટાઇમ કરાવવામાં આવતો હતો. મને હાજરી કાર્ડ આપવામાં આવતું ન હતું. મને કયારેક પગાર સ્લીપ આપતા હતા. મને બોનસ તથા ડબલ દરે ઓવર ટાઇમ આપતા હતા. કામદારોને હક્ક હિસ્સા આપતા ન હતા તેથી યુનિયનમાં જોડાયેલ હતા અને મજુર કાયદાના ભંગની અને હક્કો લાભોની ફરિયાદો યુનિયન દ્વારા સરકારી મજુર અધિકારી તથા ફેકટરી ઇન્સ્પેકટરને કરેલ હતી.

જેનું ચેકીંગ આવતા અમારા નિવેદનો લીધેલ હતા. સંસ્થા ઉપર કાયદેસરની કાર્યવાહી સરકારી ખાતા દ્વારા હાથ ધરાવેલ હતી. ત્યારબાદ અમોને પગાર ચીઠ્ઠી આપેલ હતી પરંતુ બીજા મળવાપાત્ર હક્કો આપેલ ન હતાં. અમો આગળ પડતો ભાગ લેતા હોય કિન્નાખોરીથી તા.૨૦/૦૫/૧૯૯૯ થી મૌખિક હુકમથી છુટા કરેલ હતાં. છુટા કરતા પહેલા યુનિયનમાંથી નિકળી જવા દબાણ કરેલ હતું. અમોને છુટા કર્યા ત્યારે કોઇ નોટીસ, નોટીસ પગાર, કમી વળતર કે હક્ક હિસ્સા ચુકવેલ નથી તેમજ છુટા કરતી વખતે સીનીયોરીટી લીસ્ટ પ્રસિદ્ધ કરેલ નથી. મારાથી ઓછી નોકરીવાળા નોકરીમાં ચાલુ હતા અને નવાની ભરતી પણ અવાર નવાર કરેલ છે. જેના નામ હું રજુ કરીશ. સંસ્થા પાસે અવાર નવાર રૂબરૂ જવા છતાં નોકરીમાં લીધેલ નથી. ખોટા પત્રો લખી નોકરીમાં આવવા જણાવેલ હતું. ત્યારબાદ પણ અવારનવાર નોકરી માટે હાજર થવા જવા છતાં નોકરીમાં લીધેલ નથી. અમો આજની તારીખે નોકરીમાં જવા તૈયાર છીએ. આ અંગે મજુર ખાતા સમક્ષ પણ તૈયારી બતાવેલ છે. મારી નોકરી દાખલ તારીખથી છુટા કર્યા સુધી સતત તથા સળંગ હતી તેમજ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધુ નોકરી હતી તે અંગેનું રેકર્ડ સામાવાળા સંસ્થા પાસે છે. આંક–૯ ના લીસટથી દ.પુરાવા રજુ છે જેમાં માર્ક ૬/૧ થી તા.૧૧/૦૬/૧૯૯૯ ની ડિમાન્ડ નોટીસની ઓફિસ નકલ, માર્ક–૬/૨ થી નોટીસ પોસ્ટ કર્યાની પોસ્ટ ખાતાની અસલ પાવતી, માર્ક ૬/૩ થી આ નોટીસ સામાવાળાને મળી ગયાની અસલ સ્લીપ રજુ છે, માર્ક ૬/૪ થી સંસ્થાએ આપેલ જવાબ છે, માર્ક ૬/૫ થી સંસ્થાનું બીડાણપત્ર છે. આંક–૮ ના લીસ્ટથી દ.પુરાવા રજુ છે તેમાં માર્ક ૮/૧ થી સંસ્થાએ આપેલ ઓળખપત્રની ઝેરોક્ષ નકલ છે, માર્ક ૮/૨ થી સંસ્થાએ આપેલ ઇએસઆઇ કાર્ડની નકલ છે, માર્ક ૮/૩ થી માર્ચ–૧૯૯૯ ની પગાર સ્લીપની ઝેરોક્ષ સામેલ છે. તેમાં જણાવેલ સાચુ નથી. અમારી હાજર તારીખ ખોટી દર્શાવેલ છે કારણ કે અમારૂ ઇએસઆઇ નોકરીમાં દાખલ થયા પછી ઘણા સમય પછી કપાત કરેલ હતું. અમારે કયારેય ગેરહાજરી અંગે નોટીસ આપેલ નથી.

પરંતુ હાજર થવા જણાવેલ તે સમયે પત્રો લખતા સામાવાળાને ત્યાં હાજર થયેલા પરંતુ કામે રાખેલ નથી. અમારી વિરૂદ્ધ કયારેય કોઇ કારણસર ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. મારી સાથે કામ કરતા યોગેશભાઇ ત્રીવેદી, કેશુભાઇ રાઠોડ, મુન્નાસીંગ, અકિન્દર સીંગ વિગેરે મારી પછીના દાખલ થયેલ હતા, હાલ પણ નવા કામદારો કામ કરે છે તેની વિગતો સામાવાળાએ રજુ કરેલ નથી. મને છુટા કર્યા પછી અન્ય કામદારોને બોનસ, હક્ક રજા વિગેરે ચુકવેલ છે જે મને આપેલ નથી. અમોને હાલ કોઇ કમાણી નથી. છુટા કર્યા પછી બીજે નોકરી મેળવવા પ્રયત્નો કરેલ છે પરંતુ નોકરી મળેલ નથી. હું ધોરણ-૧૦ નાપાસ છું. મારા કુટુંબમાં બે દીકરીઓ છે જે બન્નેના લગ્ન થયેલ નથી સગીર છે તથા પત્ની અને હું એમ ચાર વ્યક્તિઓ છે. મારા પત્ની બીજે કામકાજ કરે છે. અગરબતી વણવાનું, ભરતકામ તથા પ્રસંગોમાં રસોઇ કામ તથા પીરસવાનું કામકાજ કરે છે. તેમજ બન્ને દીકરીઓ પણ આ કામકાજ કરે છે.''

ત્યારબાદ અરજદારની ઉલટતપાસ સામાવાળાના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ તે જોઇએ તો, ''હાલ મારી ઉંમર પર કે પ૩ વર્ષની આજુબાજુ છે. હું ડ્રાઇવીંગ લાયસન્સ ધરાવતો નથી. હું સામાવાળી સંસ્થામાં કામ કરતો હતો ત્યારે શુક્રવારે ઓફ આવતો હતો. તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ છુટા કરવામાં આવેલ નથી. હું તા.૨૨/૦૫/૧૯૯૯ ના રોજ નોકરી ઉપર ગયેલો પરંતુ મને કાઢી મુકેલો. મને કોર્ટની ફાઇલમાંથી આંક-૧૫ બતાવવામાં આવે છે જેમાં નિ.૧૫/૩ જે પોસ્ટથી મોકલેલ કવર છે જેમાં મારૂ નામ અને મારા ઘરનું સરનામું છે. જે કવર મને મળેલ નથી. એ વાત ખરી નથી કે, આ કવર જયારે આવેલ ત્યારે હું હાજર ન હતો મને પોસ્ટવાળાએ કવર પોસ્ટ ઓફિસથી લઇ જવા જણાવેલ. એ વાત ખરી નથી કે, સામાવાળી સંસ્થાએ મને ફરજ ઉપર હાજર થવા અંગે મારા ઘરના સરનામે તથા યુનિયનના સરનામે જાણ કરેલી. મને કોર્ટની ફાઇલમાંથી નિ.૧૫/૫ બતાવવામાં આવે છે કે જે પોસ્ટની એકનોલેજમેન્ટ છે જેમાં મારા પ્રતિનિધિશ્રીની સહી છે જે ઓળખું છું. હું તા.૨૨/૦૫/૧૯૯૯ થી

આજદિન સુધી રજા રીપોર્ટ સાથે સંસ્થામાં કયાંરય હાજર થયેલ નથી. એ વાત ખરી છે કે, મેં ગેરહાજરી અંગેનો ખુલાસો કરેલ નથી. કારણ કે મને સંસ્થામાં અંદર આવવા જ દેતા ન હતાં. એ વાત ખરી છે કે, મેં સંસ્થાને અંદર આવવા દેતા ન હોય તે અંગે કોઇ ખુલાસો પત્ર દ્વારા કે કુરીયર દ્વારા કરેલ નથી. મેં સંસ્થામાં કયારે ફરજ જાવેલ તે તારીખ મને યાદ નથી પરંતુ સને ૧૯૯૯ માં છેલ્લે ફરજ બજાવેલ. મેં મારા માંગણીના નિવેદનમાં તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ છુટા કરેલા તેમ જણાવેલ છે પરંતુ તે દિવસે હું ફરજ બજાવતો હતો તે મને હાલ યાદ નથી. મને આંક–૧૭ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટની નિ.૧૭/૧ બતાવવામાં આવે છે કે જે જોઇએ કહું છું કે જે તા.૦૧/૦૧/૧૯૯૫ થી તા.૩૧/૧૨/૧૯૯૫ સુધીનું પગાર પત્રક છે. જેમાં નવેમ્બર–૯૫ માં ક્રમ નં.૮ બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે જેમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, નવેમ્બર–૧૯૯૫ પહેલા સંસ્થામાં કામ કરતો હોય તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે, હું નવેમ્બર–૧૯૯૫ પહેલા સંસ્થામાં કોઇ કામ કરતો ન હતો. અ વાત ખરી છે કે, હું જેટલા દિવસ કામ કરતો હતો તેટલા દિવસનો મને પગાર ચુકવવામાં આવતો હતો અને હું પગાર રેવન્યુ ટીકીટ ઉપર સહી કરીને મેળવતો હતો. મને નિ.૧૭/૩ થી સને ૧૯૯૬ ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના પગારપત્રક બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે પગારપત્રકમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, સને ૧૯૯૬ ના નિ.૧૭/૩ થી રજુ થયેલ પગારપત્રકમાં હક્ક રજા અંગેના પત્રકમાં મારી સહી છે. મને નિ.૧૭/૫ થીસને ૧૯૯૭ ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના પગાર પત્રક બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે પગાર પત્રકમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, સને ૧૯૯૭ ના નિ.૧૭/૫ થી રજુ થયેલ પગારપત્રકમાં હક્ક રજા અંગેના પત્રકમાં મારી સહી છે. મને નિ.૧૭/૭ થી સને ૧૯૯૮ ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના પગાર પત્રક બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે પગાર પત્રકમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, સને–૧૯૯૮ ના નિ.૧૭/૭ થી

રજુ થયેલ પગાર પત્રકમાં હક્ક રજા અંગેના પત્રકમાં મારી સહી છે. મને કોર્ટની ફાઇલમાંથી નિ.૧૭/૮ જે સને ૧૯૯૯ નું હાજરીપત્રક છે. એ વાત ખરી છે કે, મેં જાન્યુઆરી–૧૯૯૯ માં ૧૮ દિવસ કામગીરી કરેલ છે. મને કોર્ટની ફાઇલમાંથી નિ.૧૭/૧૧ બતાવવામાં આવે છે જે એપ્રીલ ૧૯૯૯ નું પગારપત્રક છે જેમાં ક્રમ નં.૭ ઉપર મારી સહી છે. જેમાં ૧૬.૫ દિવસની હાજરી અંગેનો પગાર ચુકવાયેલ છે. હું જે મહિનામાં કમ કરૂ તેના પછી મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં પગાર ચુકવાય. મને કોર્ટની ફાઇલમાંથી નિ.૧૭/૧૦ જે મે–૧૯૯૯ નું પગારપત્રક છે જેમાં ક્રમ નં.૭ ઉપર મારી સહીછે. જેમાં મને ૧૫ દિવસનો પગાર ચુકવવામાં આવેલ છે. હું આ પગાર લેવા કઇ તારીખે ગયેલો તે હાલ મને યાદ નથી. હું ૧ થી ૧૦ તારીખમાં પગાર લેવા ગયેલો. હું પગાર લઇ આવ્યા બાદ પણ કામ માટે ગયેલો. હું પગાર લઇને આવ્યા બાદ કામ માટે ગયેલો અને મને કામ ઉપર ન રાખ્યો તે અંગેનો લેખિત પત્ર મેં કરેલો પરંતુ હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે, તા.૧૯/૦૫/૧૯૯૯ ના રોજ તથા તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ સંસ્થામાં ફરજ બજાવેલ ગયેલ નહી અને હું ગેરહાજર હતો. એ વાત ખરી નથી કે, મેં ગેરહાજરીનો કોઇ ખુલાસો કરેલ નથી. એ વાત ખરી નથી કે, મેં સંસ્થામાં ફરજ ઉપર હાજર થવા કયારેય ગયેલ નથી. હું છુટો થયા બાદ કામ માટે જુદી જુદી જગ્યાએ રખડતો હતો. તા.૨૯/૧૧/૨૦૧૪ ના રોજ હું જુબાની આપવા આવેલો ત્યાર પહેલા સંસ્થાએ શું કાર્યવાહી કરેલ અને કયાં દસ્તાવેજો રજુ કરેલ તે મને યાદ નથી. એ વાત ખરી નથી કે, મારે કામની જરૂર ન હોય જેથી હું સંસ્થામાં હાજર થવા પણ ગયેલ નહી અને કોર્ટમાં પણ હાજર રહેતો ન હતો. મારા ઘરનો અંદાજે ખર્ચ કેટલો તે મને ખબર નથી. મારા ઘરના સભ્યો અમો પતિ પત્ની તથા બે છોકરી છે. હાલ બન્ને છોકરી ૨૧–૨૨ વર્ષની આજુબાજુની છે. એ વાત ખરી છે કે, મારા ઘરના સભ્યોની ભરણપોષણની જવાબદારી મારી છે. હું કાંઇ કમાતો નથી. હું કયાંય કામ મેળવવા ગયેલ હોય અને મેં અરજી કરેલ હોય તેવા કોઇ દસ્તાવેજી પુરાવા મેં આ કામે જરુ કરેલ

નથી. હાલ મારો કોઇ પી.એફ. કપાતો નથી. એ વાત ખરી નથી કે, હું ખોટી જુબાની આપું છું''

(૫/૧) સદર કામે અરજદાર તરફે આંક–૬ અને આંક–૮ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલાનું રેકર્ડ જોતાં જણાય આવે છે.

– : દસ્તાવેજી પુરાવા : –

| નિશાની | વિગત |
|---|---|
| ૬/૧ | અરજદારની તા.૧૧/૦૬/૧૯૯૯ ની ડિમાન્ડ નોટીસની ઝેરોક્ષ |
| ૬/૨ | સદરહુ ડિમાન્ડ નોટીસ પોસ્ટ કર્યાની સફેદ પાવતી પોસ્ટલ રસીદ તા.૧૧/૦૬/૯૯ |
| ૬/૩ | સદરહુ ડિમાન્ડ નોટીસ સામાવાળાને મળી ગયાની રજી.એડી. સ્લીપ અસલ |
| ૬/૪ | સામાવાળાનો જવાબ અસલ પત્ર તા.૦૫/૦૭/૧૯૯૯ અસલ |
| ૬/૫ | ઉપરોક્ત પત્રની સાથેનો બીડાણ પત્ર તા.૨૧/૦૬/૧૯૯૯ અસલ |
| | |
| ૮/૧ | અરજદારને સામાવાળાએ આપેલ આઈડેન્ટી કાર્ડની કોપી |
| ૮/૨ | અરજદારના ઈએસ કાર્ડની નકલ. |
| ૮/૩ | અરજદારને સામાવાળાએ આપેલ માર્ચ–૯૯ ની પગાર ચીઠ્ઠીની કોપી |

ત્યારબાદ સદર કામે અરજદાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૩૩ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલાનું રેકર્ડ જોતાં જણાય આવે છે.

(૬) સદર કામે સામાવાળા તરફે આંક–૧૫ અને આંક–૧૭ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે જે નીચે મુજબ છે.

| નિશાની | વિગત | તારીખ |
|---|---|---|
| ૧૫/૧ | અરજદારની ગેરહાજરી સબબ ખુલાસા સાથે કામ ઉપર હજાર થવા આરપીએડી પત્ર | ૨૧/૦૬/૯૯ |
| ૧૫/૨ | ઉપરોક્ત પત્ર આરપીએડી કર્યાની સ્લીપ નં.૮૮૪૮ | ૨૧/૦૬/૯૯ |
| ૧૫/૩ | ઉપરોક્ત કવર અરજદારને બે વાર જાણ કરવા છતા ન સ્વીકારતા ''અન કલેઇમ્ડ'' ના શેરા સાથે પરત આવેલ કવર | ૦૧/૦૭/૯૯ |
| ૧૫/૪ | અરજદારના યુનિયને લખેલ આરપીએડી પત્ર | ૦૫/૦૭/૯૯ |
| ૧૫/૫ | ઉપરોક્ત પત્ર અરજદારના યુનિયનના પ્રતિનિધિને મળ્યા અંગેની પોસ્ટની એકનોલેજમેન્ટ રીસીપ્ટ | ૦૬/૦૭/૯૯ |
| | | |
| ૧૭/૧ | સને ૧૯૯૫ નું પગાર પત્રક તથા હક્ક રજા ચુકવણી પત્રક | જાન્યુ–૯૫ થી ડિસે–૯૫ |
| ૧૭/૨ | સને ૧૯૯૬ નું હાજરી પત્રક | જાન્યુથી ડિસે–૯૬ |
| ૧૭/૩ | સને ૧૯૯૬ નું પગાર પત્રક તથા હક્ક રજા ચુકવણી પત્રક | જાન્યુ થી ડિસે–૯૬ |
| ૧૭/૪ | સને ૧૯૯૭ નું હાજરી પત્રક | જાન્યુથી ડિસે–૯૭ |
| ૧૭/૫ | સને ૧૯૯૭ નું પગાર પત્રક તથા હક્ક રજા ચુકવણી પત્રક | જાન્યુ થી ડિસે–૯૭ |
| ૧૭/૬ | સને ૧૯૯૮ નું હાજરી પત્રક | જાન્યુથી ડિસે–૯૮ |
| ૧૭/૭ | સને ૧૯૯૮ નું પગાર પત્રક તથા હક્ક રજા ચુકવણી પત્રક | જાન્યુ થી ડિસે–૯૮ |
| ૧૭/૮ | જાન્યુથી માર્ચ–૯૯ નું હાજરી પત્રક | જાન્યુથી માર્ચ–૯૯ |
| ૧૭/૯ | જાન્યુથી માર્ચ–૯૯ નું પગાર પત્રક | જાન્યુથી માર્ચ–૯૯ |
| ૧૭/૧૦ | એપ્રીલથી ડિસેમ્બર–૯૯ નું હાજરી પત્રક | એપ્રીલ–૯૯ થી ડિસે–૯૯ |
| ૧૭/૧૧ | એપ્રીલથી ડિસેમ્બર ૯૯ નું પગાર પત્રક તથા હક્ક રજા ચુકવણી પત્રક | એપ્રીલ–૯૯ થી ડિસે–૯૯ |

સદર કામે સામાવાળા તરફે વધુ કોઇ પુરાવો રજુ કરતા ન હોય અરજદાર તરફે આંક–૩૫ થી અરજી આપતા તે અરજી અન્વયે હુકમ કરી સામાવાળાનો પુરાવાનો હક્ક બંધ કરેલાનું રેકર્ડ જોતાં જણાય આવે છે.

(૭) ત્યારબાદ કામ દલીલ ઉપર આવતા અરજદાર તરફે પ્રતિનિધિશ્રી દ્વારા તેની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, અરજદાર દ્વારા તેના માંગણાના નિવેદનના સમર્થનમાં સોગંદ ઉપર જુબાની આપેલ હોય તેમજ અમો તરફે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અમારા કેસનીહ કીકતને સમર્થન મળતું હોય, અરજદાર કામે જવા તૈયાર હોય તેમજ કામે ગયેલ હોવા છતાં કામે રાખેલ નથી. સામાવાળા તરફે રજુ રાખેલ જવાબમાં જણાવેલ હકીકતના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી તેમજ આંક–૧૨ અન્વયે થયેલ હુકમનું કોઇ પાલન કરેલ નથી. સામાવાળા તરફે રજુ રાખેલ દસ્તાવેજો સામાવાળા દ્વારા સાબિત કરેલ ન હોય તેમજ સામાવાળા તરફે પુરાવો રજુ ન કરતા તેમનો પુરાવાનો હક્ક બંધ કરેલ હોય. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઇ હાલનો રેફરન્સ મંજુર કરવા અરજ કરેલ છે.

સામાવાળા તરફે દલીલ માટે કોઇ હાજર ન રહેતા અરજદાર તરફે આંક–૩૭ થી અરજી આપતા તે અરજી અન્વયે હુકમ કરી સામાવાળાનો દલીલનો હક્ક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૮) આમ, ઉપરોક્ત તમામ હકીકતો તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા સદર કામે હાલના કેસમાં આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**– : મુદ્દા : –**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, સામાવાળા દ્વારા તેને તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પગલું

ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય, જેને લીધે તે સામાવાળી સંસ્થામાં તેમને મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હક્કદાર છે?

(૨) શું હુકમ?

– : જવાબ : –

(૧) મુદ્દા નં.૧ નકારમાં.

(૨) મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

– : કારણો : –

**મુદ્દા નં.૧ :–**

(૯) સદર કામે પક્ષકારોની રજુઆતો અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઇએ તઓ સામાવાળા તરફે આંક–૧૧ થી રજુ રાખેલ જવાબ તથા રેકર્ડ ઉપર રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં અરજદાર સામાવાળાના કામદાર હોવાનું અને ત્યા કામ કરતા હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. અરજદારના કહેવા પ્રમાણે તેને સામાવાળા દ્વારા તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ મૌખિક હુકમથી છુટા કરી દિધેલ છે જે સંદર્ભે સદર કામે જોઇએ તો સામાવાળા દ્વારા નિ.૧૫/૧ થી અરજદારને તા.૨૧/૦૬/૧૯૯૯ ના રોજ મોકલેલ નોટીસ રજુ રાખેલ છે અને જેમાં જણાવેલ છે કે, ''આપશ્રી ફેકટરીમાંથી કોઇ માહિતી રજા લીધા વિના કે કારણ દર્શાવ્યા વિના તા.૨૨/૦૬/૧૯૯૯ થી ગેરહાજર રહેલ છો તો આ પત્રથી જાણ કરવામાં આવે છે કે, પત્ર મળે એટલે ગેરહાજર રહેવાનું કારણ આપી કામ પર પરત આવવી જશો.'' તેમજ નિ.૧૫/૪ થી અરજદારના યુનિયનને તા.૦૫/૦૭/૧૯૯૯ ના રોજ લખેલ પત્ર રજુ રાખેલ હોય અને જેમાં જણાવેલ છે કે, ''બાબતઃ રાજુભાઇ દામજીભાઇ કામ પર નહીં આવવા બાબત. જત જણાવવાનું કે, આપે મદદનીશ મજુર કમિશ્નરશ્રીને કરેલ ફરિયાદ

અનુસંધાને ઉપરોક્ત ફેકટરીમાં કામ કરતા રાજુભાઇ દામજીભાઇને બે પત્ર દ્બારા તેમજ તા.૨૧/૦૬/૧૯૯૯ ના રજી.એડી.એડીથી પત્ર દ્બારા કામ પર નહીં આવવા ના કારણ સાથે કામે આવી જવા જણાવેલ જેની નકલ આ પત્ર સાથે સામેલ છે. રજીસ્ટર એડી.ના કવર પર પોસ્ટ મેમાના લખેલ લખાણ પરથી જણાય છે કે, બે વખત દેખાડ કરવા છતાં પાર્ટીએ નહીં સ્વીકારતા પરત આવેલ છે જેની નોંધ લેવા આપશ્રીને વિનંતી. વિશેક્ષમાં જણાવવાનં કે, અમોએ શ્રી રાજુભાઇ દામજીભાઇને નોકરીમાંથી છુટા કરેલ નથી જેની નોંધ લેવા વિનંની.'' આમ, ઉપરોક્ત પત્ર સંદર્ભે અરજદાર તરફે આંક-૨૪ થી કરેલ સરતપાસના સોગંદનામાં સંદર્ભે તેની સામાવાળા દ્બારા કરેલ ઉલટતપાસ જોઇએ તો, ''મને કોર્ટની ફાઇલમાંથી આંક-૧૫ બતાવવામાં આવે છે જેમાં નિ.૧૫/૩ જે પોસ્ટથી મોકલેલ કવર છે જેમાં મારૂ નામ અને મારા ઘરનું સરનામું છે. જે કવર મને મળેલ નથી. એ વાત ખરી નથી કે, આ કવર જયારે આવેલ ત્યારે હું હાજર ન હતો મને પોસ્ટવાળાએ કવર પોસ્ટ ઓફિસથી લઇ જવા જણાવેલ. એ વાત ખરી નથી કે, સામાવાળી સંસ્થાએ મને ફરજ ઉપર હાજર થવા અંગે મારા ઘરના સરનામે તથા યુનિયનના સરનામે જાણ કરેલી. મને કોર્ટની ફાઇલમાંથી નિ.૧૫/૫ બતાવવામાં આવે છે કે જે પોસ્ટની એકનોલેજમેન્ટ છે જેમાં મારા પ્રતિનિધિશ્રીની સહી છે જે ઓળખું છું. હું તા.૨૨/૦૫/૧૯૯૯ થી આજદિન સુધી રજા રીપોર્ટ સાથે સંસ્થામાં કયાંરય હાજર થયેલ નથી.'' આમ, ઉપરોક્ત હકીકત લક્ષમાં લેતા અરજદાર તથા તેના યુનિયન પ્રતિનિધિ ઉપરોક્ત જણાવેલ પત્રોથી માહિતગાર હોય તેમ છતાં અરજદાર તરફે રજુ રાખેલ માંગણાના નિવેદન તથા સરતપાસના સોગંદનામામાં તે સંદર્ભેની કોઇ હકીકત જણાવેલ હોય તેવું જણાય આવતું નથી. સદર કામે અરજદાર તરફે આંક-૨૪ થી કરેલ સરતપાસના સોગંદનામાં સંદર્ભે તેની સામાવાળા તરફે કરેલ ઉલટતપાસ જોઇએ તો, ''એ વાત ખરી છે કે, મેં ગેરહાજરી અંગેનો કોઇ ખુલાસો કરેલ નથી. કારણ કે મને સંસ્થા અંદર આવવાજ દેતા ન હતાં. એ વાત ખરી છે કે, મેં સંસ્થાને અંદર આવવા દેતા

ન હતાં તે અંગે કોઇ ખુલાસો પત્ર દ્વારા કે કુરીયર દ્વારા કરેલ નથી.'' આમ, અરજદાર દ્વારા જણાવેલ છે કે, તેની સંસ્થામાં આવવા દેતા ન હતાં તે સંદર્ભે જોઇએ તો સામાવાળા દ્વારા આંક–૧૭ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી સને–૧૯૯૫ થી સને–૧૯૯૯ સુધીના હાજરીપત્રકો અને પગારપત્રક રજુ રાખેલ છે અને જે સંદર્ભે અરજદાર દ્વારા તેની થયેલ ઉલટતપાસમાં જે તે વર્ષના હાજરીપત્રક તથા પગારપત્રકમાં તેની સહી હોવાનું કબુલ રાખેલ હોય, તેમજ સામાવાળા દ્વારા નિ.૧૭/૧૦ થી એપ્રીલ–૧૯૯૯ થી ડિસેમ્બર–૧૯૯૯ સુધીના પગારપત્રક રજુ રાખેલ હોય જે જોઇએ તો મે મહિનામાં અરજદારે કરેલ ૧૫ દિવસના કામનો પગાર તેને મળેલાનું અને જે બદલ અરજદારે રેવન્યુ ટીકીટ ઉપર સહી કરેલાનું જણાય આવે છે ત્યારે ઉપરોક્ત દસ્તાવેજો સંદર્ભે સામાવાળા તરફે કરેલ ઉલટતપાસ જોઇએ તો, ''હું જે મહિનામાં કામ કરૂ તેના પછીના મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં પગાર ચુકવાય. મને કોર્ટની ફાઇલમાંથી નિ.૧૭/૧૦ જે મે–૧૯૯૯ નું પગારપત્રક છે જેમાં ક્રમ નં.૭ ઉપર મારી સહીછે. જેમાં મને ૧૫ દિવસનો પગાર ચુકવવામાં આવેલ છે. હું આ પગાર લેવા કઇ તારીખે ગયેલો તે હાલ મને યાદ નથી. હું ૧ થી ૧૦ તારીખમાં પગાર લેવા ગયેલો. હું પગાર લઈ આવ્યા બાદ પણ કામ માટે ગયેલો. હું પગાર લઇને આવ્યા બાદ કામ માટે ગયેલો અને મને કામ ઉપર ન રાખ્યો તે અંગેનો લેખિત પત્ર મેં કરેલો પરંતુ હાલ મને યાદ નથી.'' આમ, ઉપરોક્ત હકીકત લક્ષમાં લેતા અરજદાર મે મહિનાનો પગાર લેવા જુન મહિનામાં ગયેલ હોય ત્યારે અને પગાર મળેલ બદલ અરજદારે રેવન્યુ સ્ટેમ્પ ઉપર સહી કરેલ ત્યારે તેને કામ પર આવા દેતા નથી કે તેને છુટા કરી દિધેલ હોય તે સંદર્ભે કોઇ વાંધો લીધેલ હોય અને પગાર સ્વીકારવાની ના પાડેલ હોય કે વાંધા સાથે પગાર ચુકવાયેલ હોય તેવી કોઇ હકીકત અરજદાર તરફે રેકર્ડ ઉપર લાવેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાય આવતું નથી. ત્યારે અરજદારને તા.૨૨/૦૫/૧૯૯૯ પછી સંસ્થામાં અંદર આવવા દેતા ન હતાં તે હકીકત માનવી ન્યાયોચિત જણાતું નથી. અરજદાર સામાવાળાને ત્યાં મેં મહિનાનો

પગાર લેવા પણ ગયેલાનું કબુલ રાખેલ હોય અને જે અરજદારના કહેવા પ્રમાણે પછીના મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં પગાર ચુકવાતો હોય એટલે કે અરજદાર જુન મહિનામાં પગાર લેવા ગયેલ હોય તેમ છતાં અરજદાર તરફે રજુ રાખેલ માંગણાના નિવેદન તથા સરતપાસના સોગંદનામામાં તે સંદર્ભેની કોઇ હકીકત જણાવેલ હોય તેવું જણાય આવતું નથી.

(૧૦) સદર કામે અરજદાર દ્વારા સામાવાળાને તા.૧૧/૦૬/૧૯૯૯ ના રોજ નોટીસ મોકલાવેલ છે તે સદર કામે અરજદાર તરફે નિ.૦૬/૧ થી રજુ રાખેલ હોય જે સંદર્ભે સદર કામે સામાવાળા દ્વારા અરજદારને તા.૦૫/૦૭/૧૯૯૯ ના રોજ મોકલાવેલ જવાબ અરજદાર તરફે નિ.૬/૪ થી રજુ રાખેલ હોય જે જોઇએ તો તેમાં સામાવાળા તરફે જણાવેલ છે કે, ''બાબતઃ રાજુભાઇ દામજીભાઇ કામ પર નહીં આવતા બાબત. જત જણાવવાનું કે, આપે મદદનિશ મજુર કમિશ્નરશ્રીને કરેલ ફરિયાદ અનુસંધાને ઉપરોક્ત ફેકટરીમાં કામ કરતા રાજુભાઇ દામજીભાઇને બે પત્ર દ્વારા તેમજ તા.૨૧/૦૬/૯૯ ના રજીસ્ટર એ.ડી. પત્ર દ્વારા કામ પર નહી આવવા ના કારણ સાથે કામે આવી જવા જણાવેલ જેની નકલ આ પત્ર સાથે સામેલ છે. રજીસ્ટર્ડ એ.ડી.ના કવર પર પોસ્ટ મેનના લખેલ લખાણ પરથી જણાય છે કે બે વખત દેખાડ કરવા છતા પાર્ટીએ નહી સ્વીકારતા પરત આવેલ છે. જેની નોંધ લેવા આપશ્રીને વિનંતી. વિશેષમાં જણાવવાનું કે, અમોએ શ્રી રાજુભાઇ દામજીભાઇને નોકરીમાંથી છુટા કરેલ નથી જેની નોંધ લેવા વિનંતી.'' તેમજ કન્સીલેશન પેપર્સ લક્ષમાં લેતા તેમાં સામાવાળા દ્વારા તા.૧૦/૦૮/૧૯૯૯ ના રોજ મદદનિશ મજુર કમિશ્નરને લખેલ પત્ર રજુ હોય જેમાં જણાવેલ છે કે, ''જય ભારત સાથ જણાવવાનું કે, ઉપરોક્ત વિષયે અમોએ જણાવવા માંગીએ છીએ કે, શ્રી રાજુભાઇ દામજીભાઇનો ૧૦(૧) (સી) નો કેસ બાબત આપની પાસે આજ રોજ રજુઆત કરવાની કે અમો ઉપરોક્ત કામદારશ્રીને કામે રાખવા માટે તૈયાર છીએ. અમોએ આ પહેલા કામદારશ્રીને તા.૨૯/૦૫/૧૯૯૯ ના રોજ પોસ્ટ કાર્ડ

લખેલ ત્યારબાદ તા.૧૫/૦૬/૧૯૯૯ ના રોજ ફરી પોસ્ટ કાર્ડ લખેલ ફરી અમોએ તા.૨૧/૦૬/૧૯૯૯ ના રોજ રજીસ્ટર એડી.થી કામદારશ્રીને નોકરીમાં આવવા માટેની જાણ કરી પણ આજદિન સુધી અમોને તેના તરફથી કોઇ જ પત્ર–રૂબરૂ ખબર નથી. દરમ્યાન અમોએ તા.૦૫/૦૭/૧૯૯૯ ના રોજ રાષ્ટ્રીય જનરલ વર્કસ યુનિયનને રજીસ્ટર એડી. કરેલ જેની પહોંચ આપ સાહેબને રજુ કરીએ છીએ છતા અમોને કામદારશ્રી તરફથી કોઇ જ નિર્ણય જાણવા મળેલ નથી.'' આમ, ઉપરોક્ત હકીકત લક્ષમાં લેતા અરજદાર દ્વારા તેની સામાવાળા તરફે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''હું તા.૨૨/૦૫/૧૯૯૯ થી આજદિન સુધી રજા રીપોર્ટ સાથે સંસ્થામાં કયારેય હાજર થયેલ નથી. એ વાત ખરી છે કે, મેં ગેરહાજરી અંગેનો કોઇ ખુલાસો કરેલ નથી. કારણ કે મને સંસ્થામાં અંદર આવવા જ દેતા ન હતાં. એ વાત ખરી છે કે, સંસ્થાને અંદર આવવા દેતા ન હતા તે અંગે કોઇ ખુલાસો પત્ર દ્વારા કે કુરીયર દ્વારા કરેલ નથી.'' આમ, અરજદાર દ્વારા ગેરહાજર રહેલાનું સ્વીકારેલ હોય તેમજ ઉપરોક્ત કરેલ ચર્ચા લક્ષમાં લેતા તેને સંસ્થામાં અંદર આવવાજ દેતા  ન હોવાનું પણ માનવું ન્યાયોચિત જણાતું નથી. તેમજ સામાવાળા દ્વારા ઉપરોક્ત લખેલ બન્ને પત્ર બાદ અરજદાર દ્વારા ફરજ ઉપર રજા રીપોર્ટ સાથે હાજર થવા તૈયાર હોય તે સંદર્ભેનો કોઇ લેખિત પત્ર સામાવાળાને લખેલ હોય કે મે મહિનાનો પગાર જુન મહિનામાં લેવા ગયેલ હોય ત્યારે સામાવાળાનો તે સંદર્ભે જાણ કરેલ હોય તેવો કોઇ પત્ર કે હકીકત રેકર્ડ ઉપર રજુ કરેલ હોય કે લાવેલ હોય તેવું રેકર્ડ જોતાં જાણચ આવતું નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતા અરજદાર તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ ગેરહાજર રહેલાનું જણાય આવતું હોય ત્યારે અરજદારની સામાવાળા દ્વારા તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ મૌખિક હુકમથી છુટા કરી દિધેલાની હકીકત અરજદાર સાબિત કરી શકેલ  ન હોવાનું અમોનું નમ્ર પણે માનવું છે.

અરજદાર તરફે પ્રતિનિધિશ્રી દ્વારા દલીલ કરેલ છે કે, સામાવાળા તરફે કોઇ મૌખિક પુરાવો રજુ કરેલ ન હોય તેના તરફે રજુ રાખેલ દસ્તાવેજો સાબિત કરી શકેલ  ન

હોય, તે સંદર્ભે જોઇએ તો સામાવાળા તરફે રજુ રાખેલ તમામ અસલ દસ્તાવેજોને અરજદારને ઉલટતપાસમાં રીફર કરેલ હોય તેમજ અરજદાર દ્વારા હાજરીપત્રક, પગારપત્રકમાં પોતાની સહી હોવાની હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ હોય ત્યારે સામાવાળા તરફે માત્ર મૌખિક પુરાવો આપેલ ન હોય તે જ કારણોસર સામાવાળા તરફે રજુ રાખેલ દસ્તાવેજો ધ્યાને ન લેવા ન્યાયોચિત જણાતું નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા સામાવાળા દ્વારા અરજદારને તા.૨૦/૦૫/૧૯૯૯ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલાની હકીકત અરજદાર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**– : હુકમ :–**

(૧) અરજદારનો હાલનો રેફરન્સ નામંજુર યાને રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

તા.૦૮/૦૮/૨૦૨૨
સ્થળ: ભાવનગર

(હાર્દિક દિલીપભાઇ રાજપુરા)
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત નં.૨, ભાવનગર
U.I.C. No.GJ01291

એ.એ.રાધનપુરી